# કુડાસણ નેક્ષા શૉ રૂમ પાસેથી મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ

ગાંધીનગર, તા.૨૬

ન્યુ ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં આવેલ નેક્ષા શો રૂમ પાસેથી પસાર થઈ રહેલા મહિલાના ગળામાંથી એકટીવા પર આવેલા અજાણ્યા ઈસમોએ બે તોલાના સોનાના દોરો તોડીને આંચકીને ફરાર થઈ ગયા છે. સોનાનો દોરો તુટતા મહિલાએ હોહા કરતા આસપાસના વેપારીઓ અને રહીશો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા પરંતુ ચોર ઈસમો પળવારમાં પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનોં નોંધાતા પોલીસે ચોર ઈસમોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યું ગાંધીનગરના સીલીકોન વેલી કુડાસણ બ્લોક નં એ ૨૦૧ માં રહેતા ભગવતી જશંવતભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. ગતરોજ સાંજના ૫ કલાકના અરસામાં ભગવતી બેન પટેલ અને તેમના પતિ જશંવતભાઈ દ્વારકાદાસ પટેલ ચાલતા ચાલતા ભાઈજીપુરા પાટીયા પાસે આવેલ અંબે માતાના મંદિરે દર્શન કરીને પરત ફર્યા હતા તે દરમિયાન નેક્ષા શો રુમથી આશરે ૨૫ મીટર દુર સર્વિસ માર્ગ પર પાછળની બાજુએથી આવેલ એકટીવા પર સવાર બે ઈસમોમાંથી અચાનક એક ઈસમે મહિલાના ગળામાંથી બે તોલાનો સોનાનો દોરો તોડીને કુડાસણ પાટીયાથી કોબા માર્ગ બાજુ ભાગી છુટ્યા હતા. મહિલાએ ગળામાંથી સોનાનો દોરો તુટતા હોહા મચાવી હતી જેને પગલે આસપાસના દુકાનદારો તેમજ સ્થાનિક નાગરીકો આવી પહોચ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં તો ચોર ઈસમો આંખના પલકારામાં અદ્રશ્ય થઈ ગયા હતા. મહિલાએ ઈન્ફોસીટી પોલીસ મથકે બે તોલા સોનાના દોરાની કિ.રૂ. ૪૦૦૦૦ તેમજ ૨ ગ્રામનું પેન્ડલ કિં.રૂ. ૨૦૦૦ મળીને કુલ રૂ.૪૨૦૦૦ની મત્તાની ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે ચોર ઈસમોને પકડી પાડવા માટે તજવીજ હાથ ધરી છે.

## સે. ૨૬ની ૨૮ વર્ષીય પરિણીતા લાપતા

**સે. ૩૦ નજીક નદીના પુલ પાસેથી લાપતા પરિણીતાનો મોબાઈલ મળી આવ્યો**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ની એક ૨૮ વર્ષીય પરિણીતા ગતરોજ બપોરના સુમારેથી ઘરેથી કોઈને કહ્યા વિના અગમ્ય કારણોસર ચાલી ગયેલ છે. ત્યારે આજે સાંજના સુમારે સેક્ટર-૩૦ નદીના બ્રિજ પાસેથી આજે પરિણીતાનો મોબાઈલ ફોન મળી આવતા પોલીસે જાણવા જોગ ફરિયાદને આધારે તપાસ શરૂ કરી છે.




ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે ગાંધીનગર, કલોલ તેમજ આસપાસના શહેરમાંથી બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો મોટીસંખ્યામાં આવી પહોંચ્યા હતા. છત્રાલ ગામ સમિતિએ ડી.આઈ.જી. ને આવેદન પત્ર પાઠવી છત્રાલ મુદ્દે યોગ્ય કરવા જણાવ્યું હતું અને અત્યાચારીઓ સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી. આ પ્રસંગે સત્યાગ્રહ છાવણી ખાતે હજ્જારોની સંખ્યામાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના કાર્યકરો હાજર રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**હવે બેંક સાથે આવુ બનવા નહીં દઈએ... અમે બેંકને ફરમાન કરીશું કે જેની પાસે પાસપોર્ટ હોય તેને લોન ઈસ્યુ જ નહીં કરવી...**

# કલોલની સરકારી પ્રાથમિક શાળાના બાળકોનું અનોખુ ‘દિલ્હી દર્શન’

**આઈઆરએસ અધિકારીની ૩૦મી લગ્નતિથીએ શાળાની મુખ્ય શિક્ષિકાનું સ્વપ્ન પૂર્ણ કર્યુ**

ગાંધીનગર, તા. ૨૬

નવી દિલ્હી ખાતે ફરજ બજાવતા આઈઆરએસ અધિકારી દ્વારા તેમના લગ્નજીવનની ૩૦મી વર્ષગાંઠ નિમિત્તે કલોલની સરકારી પ્રાથમિક શાળા નં. ૯ના ૩૦ બાળકોને ‘દિલ્હી દર્શન’ કરાવી અનોખી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના મુખ્ય શિક્ષિકા પ્રીતિબેન ગાંધીનું બાળકોને દિલ્હી દર્શન કરાવવાનું સ્વપ્ન આ સાથે પૂર્ણ થવા ઉપરાંત બાળકોને દિલ્હીના ઐતિહાસિક સ્થળો તેમજ જેપી ઈન્ટરનેશનલ સ્કૂલ અને નેશનલ લૉ યુનિવર્સિટી જેવી આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓની મુલાકાતનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ હતું. આ પ્રસંગે સરકારી શાળાના બાળકોએ પણ દંપતિને અનોખી રિટર્ન ગીફ્ટ આપી સુખદ આશ્ચર્ય આપ્યુ હતુ.



કલોલની સરકારી પ્રાથમિક શાળા નં. ૯ના મુખ્ય શિક્ષિકા પ્રીતિબેન ગાંધીએ તેમની શાળાના બાળકોને દિલ્હી દર્શન કરાવવાનું સ્વપ્ન સેવ્યુ હતુ. જે દિલ્હી સ્થિત આઈઆરએસ અધિકારી આર.કે. ગુપ્તાએ તેમના લગ્નજીવનની વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે પૂર્ણ કરી આપ્યું હતું. આર.કે. ગુપ્તા અને તેમના ધર્મ પત્નિ અલ્પનાબેન ગુપ્તાની મેરેજ એનિવર્સરીને અનુલક્ષીને કલોલની સરકારી શાળાના ગરીબ વર્ગના ૩૦ બાળકોને જીવનમાં પ્રથમવાર દેશની રાજધાની દિલ્હીની મુલાકાત લેવા મળી. ત્રણ દિવસની આ મુલાકાતમાં પ્રથમ બે દિવસ દરમ્યાન ઐતિહાસિક સ્થળો જેવા કે રાષ્ટ્રપતિભવન, લાલ કિલ્લો, રાજભવન, કુતુબમિનાર, ઈન્ડિયા ગેટ, સંસદભવન, લોટસ ટેમ્પલ વગેરેની મુલાકાત યોજાઈ હતી. અંતિમ દિવસે વિદ્યાર્થીઓને જે.પી. ઈન્ટરનેશનલ સ્કૂલ અને નેશનલ લૉ યુનિવર્સિટીની મુલાકાત કરાવાઈ હતી. જ્યાં વિદ્યાર્થીઓએ તજજ્ઞો સાથે જ્ઞાનનું આદાનપ્રદાન કર્યુ હતુ. આ પ્રસંગે ધો. ૮ની વિદ્યાર્થીની મિત્તલે યોગાસન, ધો. ૭ના પિયાંસુ અને ધો. ૮ની સાક્ષીએ દિલ્હીના અનુભવો પ્રસ્તુત કર્યા હતા.

બાળકોએ ગુપ્તા દંપતિને પોતાના હાથે બનાવેલી ચીજવસ્તુઓની ભેટ આપી આભાર માન્યો હતો. આ ભેટમાં ધો. ૪ના વિદ્યાર્થી સુમિતે બનાવેલ ગુપ્તા દંપતિનું પોટ્રેટ ચિત્ર મેળવી ગુપ્તા દંપતિ રોમાંચિત થયું હતું. અંતમાં બાળકોએ પ્રભાત પ્રકાશનની મુલાકાત લીધી હતી જ્યાં તેમને બે બે પુસ્તકોની ભેટ પ્રાપ્ત થઈ હતી.

# રાજયમાં મફત શિક્ષણ વ્યવસ્થા મુદ્દે ગુજરાત વાલી મહાસભાની રાજયપાલને રજુઆત

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત રાજયમાં મફત શિક્ષણ વ્યવસ્થા અને ફી નિર્ધારણ કાયદો નાબુદ કરવા અંગે આજે ગુજરાત વાલી મહાસભાના હોદેદારોએ રાજયના મહામહીમ રાજયપાલને લેખિત રજુઆત કરી છે. ગુજરાત વાલી મહાસભાના સભ્યોએ આ અંગે સત્વરે યોગ્ય કરવા રજુઆત કરી છે.

રાજયમાં રાજકીય પક્ષની શાસક સરકાર દ્વારા વૈધાનિક સતાઓનો દુર ઉપયોગ કરીને બહુમતિ સભ્યોના જોરે બંધારણની મુળભુત અધિકારોની જોગવાઈનો ભંગ કરતો શુલ્ક વસુલી માટે ફી નિર્ધારણનો રાજયમાં કાયદો લાવેલ છે જે બંધારણની કલમ ૧૪,૪૪ અને ૪૫ નો ભંગ કરે છે અને પ્રજા પર દમનકારી કાયદો છે. જેને પગલે રાજયના વિદ્યાર્થીઓ અને વાલીઓએ બંધારણીય અધિકારોની માંગણીઓ કરી છે કે બંધારણની કલમ ૧૪ અને ૪૫ થી રાજયમાં પ્રાથમિક શિક્ષણ મફત આપવામાં આવે અને ઉચ્ચ શિક્ષણની વ્યાજબી જોગવાઈ કરવામાં આવે, રાજયમાં વસુલાતા કરવેરા અને વસતીને અનુલક્ષીને નવી સરકારી શાળાઓ નિર્માણ કરવામાં આવે, વસતી પ્રમાણે દરેક વિસ્તારમાં નવી શાળાઓ અને સક્ષમ અને પ્રમાણીત શિક્ષકોની નિમણુંકો કરવામાં આવે, રાજયમાં તમામ ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સરકાર દ્વારા જાહેર નાણા ભંડોળમાંથી અનુદાન અને વ્યવસ્થા શુલ્કનું અનુદાન આપીને તાત્કાલીક ધોરણે બંધારણની કલમ ૪૫નું પાલન કરવામાં આવે, ફી નિર્ધારણ કાયદો નાબુદ કરીને ફરજીતાય ફી ભરવાના કાયદાને ચાલુ વિધાનસભામાં કરવામાં આવે,રાજયમાં સમાનતાથી શિક્ષણ વ્યવસ્તાઓ કરવાની ફરજ અને જવાબદારી રાજય સરકારની છે. ત્યારે મફત શિક્ષણ વ્યવસ્થા અને ફી નિર્ધારણ કાયદો નાબુદ કરવા ગુજરાત વાલી મહાસભા દ્વારા રાજયના રાજયપાલને લેખિત રજુઆત કરી આ અંગે યોગ્ય કરવા જણાવાયું છે.




ફિટાગ (ફેડરેશન ઓફ આઈ ટી એસોસીએશન ગુજરાત) દ્વારા આખા ગુજરાતના આઈ ટી એસોસિએશનની ક્રિકેટ ટુર્નામેન્ટ લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ, આણંદ ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં ફાઈનલમાં વલસાડની ટીમ સામે ગાંધીનગરનો ભવ્ય વિજય થયો હતો. જેમાં ગાંધીનગરની ટીમ માંથી બેસ્ટ બોલર કિશોર, બેસ્ટ મેન ગુંજન અને બાપુ દ્વારા ધમાકેદારદાર ઈંનિંગ્સ રમવામાં આવી હતી સાથે કૌશિકભાઈને બેસ્ટ ફિલ્ડરનો એવોર્ડ પણ મળ્યો હતો અને ગાંધીનગરની સમગ્ર ટીમને સ્કાય ડોટ જગદીશભાઈ દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી. આણંદ એસોસિએશન દ્વારા ખુબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ચેરમેન ગૌરાંગ વ્યાસ અને કેપ્ટન સંદીપ કોટેચાએ ખૂબ મહેનત કરી ટિમ વર્કથી કામ કરી ટીમને ફાઈનલમાં જીતાડી હતી. કોચ ઉરેન પટેલ, મુકેશભાઈ ઉપાલા, વિજયભાઈ, મધુભાઈ, પંચાલભાઈ અને સર્વે મિત્રોનો ખુબ જ સાથ સહકાર મળ્યો હતો.

## દહેગામ-નાંદોલ ત્રણ રસ્તા પાસેથી પોલીસે દારુ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના જવાનો દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓએ દહેગામ-નાંદોલ ત્રણ રસ્તા પાસેથી પસાર થઈ રહેલી બોલેરો જીપમાંથી વિદેશી દારુ અને બિયરનો જથ્થો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસઓજી પીઆઈ પી.આઈ. સોલંકી, પીએસઆઈ જે.આર. કરોતરા, બી.એમ.પટેલ, વી.કે. રાઠોડ, અને એએસઆઈ જયંતિભાઈ ચેહરાભાઈ, સીરાજખાન હાસમખાન, અ.હે.કો. દિનેશભાઈ બાલાભાઈ, ભુપેન્દ્રસિંહ લાલસિંહ, પ્રદિપસિંહ મનુસિંહ, હિતેશકુમાર ડાહ્યાભાઈ તેમજ વિષ્ણુભાઈ કાનજીભાઈ તા.૨૫ ના રોજ બાતમીના આધારે દહેગામ-નાંદોલ ત્રણ રસ્તા પાસે ઉભા હતા ત્યારે બોલેરો જીપ નં જી.જે.૧૮.એ.ઝેડ-૦૧૯૦માંથી વિદેશી દારુની બોટલ નંગર-૧૨૩ કિ.રૂ.૧૫૬૦૦ અને હેવર્ડ ૫૦૦૦ બિયર ટીન નંગ ૭૨ કિ.રૂ.૭૨૦૦ તથા મોબાઈલ અને મહીન્દ્રા બોલેરો ગાડી મળી કુલ મુદામાલ કિ.રૂ. ૩,૨૩,૮૦૦નો કબ્જે કરી આરોપી મહેન્દ્રસિંહ ગોકળસિંહ ચૌહાણ રહે.હરસોલી મહાદેવવાળો વાસ તા.દહેગામ જિ-ગાંધીનગર, જામલસિંહ કાળુસિંહ ચૌહાણ રહે.હરસોલી, જાપલાવાળો વાસ તા.દહેગામ જિ-ગાંધીનગર તેમજ સંડોવાયેલા અન્ય ઈસમો વિરુધ્ધ દહેગામ પોલીસ મથકમાં પ્રોહિબેશનનો ગુનોં નોંધાવેલ છે.

# શાંતિ એકસપ્રેસ બંધ કરવાના નિર્ણય સામે રોક લગાવવા માંગ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર સ્ટેશનને દાયકાઓના અંતે પણ નવી ટ્રેઈન સુવિધા ઉપલબ્ધ થતી નથી. જયારે હાલ કેપિટલ સ્ટેશને આવતી શાંતિ એકસપ્રેસ હોટલની કામગીરીના લીધે બંધ કરવાની હીલચાલ થઈ રહી છે. જેને અનુલક્ષી કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓમાં રોષ વ્યાપ્યો છે. હોટલ બાંધકામના લીધે સ્ટેશન પર ટ્રેઈન ઉભી ન રહી શકે તેવા સંજોગો હોવાથી ટ્રેઈન આગામી માર્ચ મહીનાથી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે આ મામલે ટ્રેઈનને મોટી આદરજ કે કલોલ સુધી લંબાવી રેલસેવા ચાલુ રાખવા માટે શહેર વસાહત મહામંડળે રજુઆત કરી છે.

ગાંધીનગર કેપિટલ સ્ટેશનના રેલવે સ્ટેશન પર વર્ષોના અંતે ચાર ટ્રેઈન દોડે છે. જયારે હાલ સ્ટેશન વિસ્તારમાં નવી હોટલ બાંધવાનુ કામ પણ પુરજોશમાં ચાલી રહયુ છે. આવા સંજોગોમાં રોજબરોજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓ માટે પણ શાંતિ એકસપ્રેસ મહત્વની બની છે. પરંતુ હાલ આ વિસ્તારમાં હોટલનુ બાંધકામ ચાલી રહયુ હોવાથી ટ્રેઈનને સ્ટેશન પર ઉભી રાખવાનુ શક્ય નથી ત્યારે આ ટ્રેઈન આગામી તા ૧ માર્ચથી બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. જેને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગમાં રોષ પ્રવર્તયો છે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ હોળીના તહેવાર અને પરીક્ષાના સમયે નવી ટ્રેઈન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવે છે. જેના બદલે ગાંધીનગર સ્ટેશન પર આવતી શાંતિ એકસપ્રેસ સહીતની ટ્રેઈન પર રોક લગાવાની ગતિવિધિઓ હાથ ધરાઈ છે. ત્યારે રોજબરોજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ તેમજ નોકરીયાત વર્ગને પરેશાની વેઠવી પડે તેવી દહેશત છે. મહામંડળના મયુર વ્યાસ, સહીતના પદાધિકારીઓએ અમદાવાદ ડિવિઝનલ મેનેજરને રજુઆતમાં જણાંવ્યા મુજબ શાંતિએકપ્રેસમાં રોજ પાસ ધારક મુસાફરો અપડાઉન કરે છે. આવા સંજોગોમાં આ ટ્રેઈન બંધ કરવામાં આવશે તો રોજબરોજ અપડાઉન કરતા નાગરિકોને હાલાકી વેઠવાનો વારો આવશે. હોટલ બાંધકામને અનુલક્ષી આ ટ્રેઈન વૈકલ્પિક વ્યવસ્થાને ધ્યાને લઈ મોટી આદરજ કે કલોલ સુધી લંબાવવામાં આવે તેવુ આયોજન કરવુ જોઈએ. આ મામલે રેલતંત્ર દ્વારા મુસાફરોને કોઈપણ જાતની જાણ કર્યા વિના જ મનસ્વી નિર્ણય લેવાની પેરવી કરી છે. જે યોગ્ય નથી.

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત લિંભોઈ જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૯૭૦/૬૮૦ મીટર લેબરકામ (પટેલ ફળી) | ૪૧૯૧૧૯.૯૬ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૯૯૦/૬૧૦ મીટર લેબરકામ (કટારા ફળી) | ૩૭૭૫૩૩.૫૭ |
| ૩. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૦૧૦/૫૨૦ મીટર લેબરકામ (રાવળ વાસ) | ૩૬૯૩૦૧.૫૧ |
| ૪. | ઘર જોડાણ ૩૧૫ નંગ | ૩૧૫૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી લિંભોઈ જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**લિંભોઈ જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ધંધાસણ પંચાયતના અલગ અલગ ગામ ધંધાસણ ગામ, તા. ભિલોડા મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | પી.વી.સી. પાઈપનું લેબરકામ | ૪૯૮૪૮૨.૬૯ |
| ૨. | ઘર જોડાણ ૧૬૮ નંગ | ૩૭૭૩૨૮.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ધંધાસણ જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**પાલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - ભિલોડા, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ઊંડવા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૦૭૦/૧૦૯૦ મીટર લેબરકામ (ડામોર ફળી) | ૩૬૫૬૩૨.૭૯ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૨૧૦/૯૦૫ મીટર લેબરકામ (ખાંટ ફળી) | ૩૬૩૮૨૧.૨૫ |
| ૩. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૧૨૦/૧૦૦૫ મીટર લેબરકામ (તળાવ ફળી) | ૩૫૯૦૬૪.૦૫ |
| ૪. | ઘર જોડાણ ૧૪૯ નંગ | ૧૪૯૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ઊંડવા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**ઊંડવા જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત બ્રહ્મપુરી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપલાઈન ૨૩૦૦ મીટરનું લેબરકામ | ૪,૧૮,૫૦૬.૯૧ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી બ્રહ્મપુરી જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**બ્રહ્મપુરી જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - ભિલોડા, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત રોયણીયા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૬૮૦/૯૩૦ મીટર લેબરકામ (વાણીયા ફળી) | ૪૪૭૬૦૭.૧૭ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૬૨૦/૮૮૦ મીટર લેબરકામ (મુખી ફળી) | ૪૩૧૦૨૩.૪૬ |
| ૩. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૭૦૦/૮૫૮ મીટર લેબરકામ (માલીવાડ ફળી) | ૪૩૯૨૮૦.૪૮ |
| ૪. | ઘર જોડાણ ૨૦૭ નંગ | ૨૦૭૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી રોયણીયા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**રોયણીયા જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ડામોરઢુંઢા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૨૫૫/૫૭૦ મીટર લેબરકામ (રામા ફળી) | ૩૫૪૧૩૯.૩૦ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૨૧૦/૫૧૦ મીટર લેબરકામ (પ્રા.શાળા ફળી) | ૩૩૬૩૧૪.૫૬ |
| ૩. | ઘર જોડાણ ૨૮ નંગ | ૨૮૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ડામોરઢુંઢા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**ડામોરઢુંઢા જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત પટેલઢુંઢા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૫૪૦/૫૭૫ મીટર લેબરકામ (મનાખાત્રા ફળી) | ૪૦૯૧૯૬.૩૬ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૪૧૦/૬૦૫ મીટર લેબરકામ (જીવાભુરા ફળી) | ૩૯૧૯૯૦.૫૫ |
| ૩. | ઘર જોડાણ ૨૫ નંગ | ૨૫૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી પટેલઢુંઢા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**પટેલઢુંઢા જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**